

# સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો ફાળો

:: સંપાદક ::


**હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૧૮ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦

૧૪–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૭ ઓકટોબર–૨૦૧૫

**નૂરાની આર્ટ–દયાદરા,**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ   نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

પ્રિય વાંચકો ! આપના મુબારક હાથોમાંની આ કિતાબ અજોડ ઈસ્લામી તાલીમનો એક સુંદર નમૂનો છે. મુસલમાનોના તમામ બુઝુર્ગોનું જીવન એના પર જ અમલ કરીને પસાર થયું છે અને વિશેષતઃ ચિશ્તી સિલસિલાના બુઝુર્ગો જેમણે અખંડ ભારતમાં ઈસ્લામના ફેલાવામાં અગ્રગણ્ય રોલ ભજવ્યો છે તેમણે ઈસ્લામી તા'લીમ તથા જીવન પધ્ધતિ કે જેના પર લોકો અમલ કરે તો દેશમાં જ નહીં વિશ્વભરમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે એના માટે ભરપુર કોશિશો પોતાની વાણી તથા વર્તન થકી કરેલ છે. અને જ્યારે ઈસ્લામ પર પાબંદીથી ચાલનારા ખલીફાઓનું તથા ખૌફે ખુદાથી જીવનાર બાદશાહોનું સામ્રાજ્ય હતું ત્યારે ઈસ્લામ પ્રતિ લોકો આકર્ષાઈને જોત જોતામાં ઈસ્લામનો કલમો પઢી લેતા હતા અને મુસલમાનો પર લોકોને પોતાની ક઼ૌમ કરતાં પણ અધિક વિશ્વાસ હતો જેથી અન્ય ક઼ોમો મુસલમાનોના શરણમાં રહેવાને અધિક પસંદ કરતી હતી.

કાશ ! બુઝુર્ગોની સાથે મહોબ્બતના દાવેદાર મુસલમાનો, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ તથા અન્ય બુઝુર્ગોના પોતાને ગુલામ ગણાવનારાઓ આ કિતાબ વાંચે અને તેમના સૂચવેલા માર્ગે ચાલીને મુસલમાનોની તથા ઈસ્લામની સુંદર છબી દેશભરમાં તથા વિશ્વભરમાં ઉભી કરે તો આપોઆપ સુખ શાંતિમય જીવન પોતાનું તથા લોકોનું બની જશે. ઈન્શા અલ્લાહ !

રબ્બે કરીમ આ બુઝુર્ગોના સદક઼ામાં સૌને નેક સાલેહ બનવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૮–ઓકટોબર–૨૦૧૫, મંગળવાર, હિ.સ. ૧૪૩૭, ૧૪ મુહર્રમુલ હરામ)*

# અનુક્રમણિકા


- ❑ અલ્લાહ દુનિયાથી બરકત ક્યારે ઉઠાવી લે છે ! 04
- ❑ વૃધ્ધોની ઈજ્જત કરવી સુન્નત છે 05
- ❑ બાળકો પ્રત્યે પ્રેમભાવનાની તાલીમ 07
- ❑ મા બાપની તાઝીમની ફઝીલત 08
- ❑ સગાં સબંધીઓ સાથે સદ્‌વર્તાવની ફઝીલત 09
- ❑ પડોશીઓ સાથે સદ્‌વર્તાવ 10
- ❑ સહનશીલતા, સંયમ તથા દરગુઝરને અપનાવો 12
- ❑ સારી સોહબત અપનાવો તો સારા બનશો 13
- ❑ કોઈનું દિલ ન દુઃખાવો 15
- ❑ પશુ પક્ષીને પણ ન સતાવો 15
- ❑ ચુગલખોરી, હસદ, ઘમંડથી બચો 16
- ❑ ગાળ તથા જૂઠુ બોલવાથી બચો ! 17
- ❑ હરામ રોજી તથા લોભ લાલચથી બચો ! 18
- ❑ રોજી કમાવું અને તેની ફઝીલત 19




بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

ચિશ્તી બુઝુર્ગોએ સારી જિંદગી ગુજારવામાં અને સમાજ સુધારણા માટે જે ખિદમત કરી છે એનું મહત્વ વર્તમાનકાળમાં કાંઈક ઔર જ વધી ગયું છે. દુર્વેશો અને સુલૂકની મંઝિલો પસાર કરવાવાળાઓની તા'લીમને અલગ અલગ કરીને સામાન્ય લોકોના કલ્યાણ માટે વિચાર કરવામાં આવે તો આ હદ સુધી પહોંચવું સરળ થઈ જશે. સામાન્ય લોકોથી તા'લીમનો મક઼સદ એના સિવાય કાંઈ પણ નથી કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ પોતે એવી જિંદગી ગુઝારે જેનાથી કોઈને તકલીફ ન પહોંચે અને એ પોતે પણ દુનિયા અને આખેરતમાં સફળતા પ્રાપ્ત કરી શકે. જેમ કે જનસેવા અને અલ્લાહની મખ્લૂક઼થી મહોબ્બત, ગરીબોની પરવરિશ, સખાવત અને દરિયાદિલી, નમ્રતા, માફી, તથા નરમી, મઝલૂમોની મદદ, દુરવેશો સાથે સદવર્તન, પર્દાપોશી, ખૌફે ઈલાહી, શરીઅતનું પાલન, મહ઼બ્બતે રસૂલ, સગા સંબંધીના હક઼્ક઼ોને અદા કરવા, બીમારોની ખબર લેવી, સબ્ર અને શુક્ર, સારા અખ્લાક઼, મા બાપની ખિદમત, પુત્રીઓની સાથે શફક઼ત અને મહોબ્બત, અલ્લાહ પર ભરોસો, હલાલ રોજી કમાવી, સાચુ બોલવુ, હક઼્ક઼ પર અડગ રહેવું, ઈસ્લામનો પ્રચાર, પડોશીઓનો ખયાલ, પાકીઝગી,

નેક સોહબત, ઈલ્મ હાંસલ કરવું, હયા, અદબ, ત્યાગવૃત્તિ, પરહેઝગારી વગેરે પર એમના ધ્યાન દેવાનો બીજો હેતુ શું હોય શકે કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ સુખ શાંતિની સાથે જિંદગી ગુઝારે. એ બુઝુર્ગોએ જે વસ્તુઓથી રોકયા છે એના ઉપર ધ્યાન આપીએ તો ખબર પડશે કે એમનો મક્સદ ખુદાના બંદાઓને એકબીજાથી જોડવું અને ચૈન સુકૂનની જિંદગી ગુજારવામાં મદદ કરવી છે. જેમ કે હરામ રોજી, જૂઠી ક્સમ, ચુગલી, ગીબત, ઘમંડ, હસદ, કીનો, ખાર, રિયાકારી, બિભત્સ શબ્દો, લાલચ, શરાબનોશી, ગાળો, તકલીફ પહોંચાડવી, મુનાફિકો જેવાં કામો કરવાં, અત્યાચાર, ખરાબ દોસ્તી અને બેકાર વાતો વગેરે આ એ કામો છે જે એકબીજાને તોડવા, અંદરો અંદર નફરત પેદા કરવા, લડાઈનો માહોલ બનાવવા અને જુદી જુદી રીતે બુરાઈઓને જન્મ આપીને મોટો રોલ અદા કરે છે.

## ★ અલ્લાહ દુનિયાથી બરકત ક્યારે ઉઠાવી લે છે ! ★

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"ત્રણ જાતના લોકો જન્નત તરફ નહીં જાય, એક જૂઠુ બોલવાવાળો દુરવેશ, બીજો બખીલ દૌલતમંદ અને ત્રીજો ખયાનત કરવાવાળો સોદાગર. કેમ કે આ ત્રણેવને સખ્ત અઝાબ થશે. વળી જ્યારે દુરવેશ જૂઠુ બોલે અને દૌલતવાળો બખીલ બની જાય અને સૌદાગર (વેપારી) ખયાનત કરવાવાળો થઈ જાય તો અલ્લાહ તઆલા દુનિયાથી બરકત ઉઠાવી લે છે." *(અનીસુલ અરવાહ, મલફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી)*

જૂઠુ બોલવાથી, કંજૂસાઈથી તથા ખયાનતથી બચવાનો સબક્ એટલા માટે આપવામાં આવ્યો કે દુનિયામાં બરકત બાકી રહે. બરકત વિના દુનિયામાં સામાન્ય લોકો પરેશાન થશે જે માનવ સમાજ માટે ભલાઈની વાત નથી.

## ★ વૃધ્ધોની ઈજ્જત કરવી સુન્નત છે ★

વર્તમાનકાળમાં આપણો સમાજ ઘણી જ ગતિ સાથે નૈતિક પડતીનો શિકાર થઈ રહ્યો છે જેના કારણે સંબંધોને તોડવામાં કોઈ ખચકાટ મેહસૂસ નથી કરતું. કમજોરો અને મજબૂરોને સતાવવું હવે એક મામૂલી કામ બની ગયું છે. વૃધ્ધ વયના લોકોની સાથે બદતમીઝી અને એમને પરેશાન કરવાનો જે રિવાજ બની ગયો છે એમાં પોતાના છોકરાઓ પણ ઘરડાં મા બાપ પર કીચડ ઉછાળવામાં પાછળ નથી. આવી હાલતમાં ચિશ્તી બુર્ઝુર્ગોએ જે તાલીમ આપી છે એની મહત્વતા ઘણી જ અધિક વધી જાય છે. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

જ્યારે પણ રસૂલુલ્લાહ ﷺ રસ્તામાં કોઈ વૃધ્ધને જોઈ લેતા ભલે તે યહૂદી હોય અથવા મુસલમાન, એના સફેદ વાળોના કારણે તેની આગળ ન ચાલતા, અને ફર્માવતા કે જેમાં ખુદાના નૂરનું નિશાન હોય એની આગળ નથી ચાલી શકાતુ. *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

આપે વધુમાં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એ વૃધ્ધ માણસની તા'ઝીમ વાજિબ કરી દીધી છે જે મુસલમાનની હાલતમાં સફેદ વાળવાળો થઈ ગયો હોય, એના કારણે કે તૌરાતમાં આવ્યું છે કે હે મૂસા! વૃધ્ધોની ઈજ્જત કરતા રહો અને જ્યારે એ આવે ત્યારે એમની તા'ઝીમ માટે ઉભા થઈ જાવ. અને જ્યારે જુઓ કે યુવાન ઘરડાઓની આગળ આગળ ચાલે છે અથવા એમનાથી પહેલાં પાણી પીએ છે તો સમજી લો કે લોકોથી રાહત દૂર થઈ ગઈ છે, એ કારણે કે જ્યારે આ દશા થાય છે તો એ શહેરમાં ભલાઈ નથી રહેતી. *(અફઝલુલ ફવાઈદ–ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ)*

મતલબ સ્પષ્ટ છે કે જે સમાજના નૌજવાન ઘરડાઓની આગળ

આગળ ચાલશે અથવા એમનાથી પહેલાં પાણી પીવાની કોશિશ કરશે તો સમજી લેવામાં આવે કે લોકોથી રાહત દૂર થઈ ગઈ અને એવા શહેરથી ભલાઈ પણ દૂર થઈ જશે.

**સારાંશ** : દરેક કામોમાં વૃદ્ધોનો ખ્યાલ કરવો જોઈએ જેમ કે બસ, ટ્રેન, વગેરેમાં સફર કરી રહ્યા છો તો ઘરડાઓને જગ્યા આપવી નૌ જવાનોની અખ્લાક઼ી ફરજ છે. પાણી પીવા લાઈનમાં ઉભા છો તો ઘરડાઓને પહેલો મૌક઼ો આપવો. ટિકિટ બારી પર અથવા બીજી કોઈ જગ્યાએ લાઈનમાં ઉભા છે તો ઘરડાઓને પહેલા તક આપવી માનવતાની દલીલ છે.

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''મેં શૈખુલ ઈસ્લામ ફરીદુલ હક્ક઼ رحمۃ اللہ علیہની મુબારક ઝબાનથી સાંભળ્યું છે કે એક વખતે હું પોતાના ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં બેઠો હતો ત્યારે ખ્વાજા સાહબ વારંવાર બહાર જોતા અને ઉભા થઈ જતા. આ જ રીતે છ સાત વખતે એમણે કર્યું. મેં કારણ પૂછયું તો કહ્યું કે દરવાજાની બહાર એક વૃધ્ધ માણસ બેઠો હતો, જ્યારે એમના ઉપર નજર પડતી હતી તો મારે ઉભુ થવું જરૂરી હતું. હું સફેદ વાળોની ઈજ્જત માટે ઉભો થઈ જતો હતો.'' *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૨૦)*

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વર્ણન કરેલ અમલથી એ જ સંદેશ મળે છે કે આપણે વૃધ્ધોની કેટલા અંશે ઈજ્જત કરવી જોઈએ. **આ સિધ્ધ થયેલ બાબત છે કે જે ઘરમાં ઘરડાઓ હોય છે તે ઘર ઘણી મુસીબતોથી સુરક્ષિત રહે છે.** એમના અનુભવો આપણને મુસીબતથી બચાવવામાં ચાવીરૂપ રોલ અદા કરે છે. એનો અનુભવ આપણે રોજ બરોજ કરતા રહીએ છીએ. જો આપણે ઘરડાઓની ઈજ્જત

ન કરીએ, એમના સન્માનનો જઝબો આપણી અંદર પેદા ન કરીએ તો એનાથી વધારે કમનસીબી આપણી શું હોય શકે ?

જે રીતે ચિશ્તી ઉપદેશોમાં વડીલોના સન્માનનો પાઠ જોવા મળે છે એ જ રીતે નાના બાળકોની સાથે પણ પ્રેમ અને મહોબ્બતનું વર્ણન પણ જોવા મળે છે. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ એક હિકાયતના આધારે એના મહત્વ પર આ રીતે ધ્યાન દોરે છે :

## ★ બાળકો પ્રત્યે પ્રેમભાવનાની તાલીમ ★

અમીરૂલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના ખિલાફતના જમાનામાં એક મિત્રને કોઈક રાજયનો ગર્વનર બનાવી ત્યાંની હુકૂમતનો કાગળ લખીને એને આપ્યો. રસ્તામાં અમીરૂલ મો'મિનીને એક નાના બાળકને પોતાની ગોદમાં લીધો અને પ્યાર કરવા લાગ્યા. એ મિત્રએ કહ્યું, મારાં દસ બાળકો છે પણ મેં એમનાથી મહોબ્બત નથી કરી અને હું એમને પ્યાર પણ નથી કરતો. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે એ કાગળ મને આપી દો. એણે કાગળ (હુકમનામુ) આપ્યો તો હઝરત ઉમર رضی اللہ عنہએ તે કાગળના ટુકડા કરી નાખ્યા પછી કહ્યું કે જયારે તને નાનાઓથી મહોબ્બત નથી તો વડીલોથી શું મહોબ્બત કરશે ?! *(ફવાઈદુલ ફવાદ, ભાગ–૪, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

આનાથી એ જ સંદેશ આપવાનો મક્સદ હતો કે જેને બાળકોથી મહોબ્બત નથી એ હાકિમ બનાવવાના લાયક જ નથી. આ હિકાયતથી એ બોધ પ્રાપ્ત કરવામાં આવે છે કે બાળકોથી મહોબ્બત કરવી ઈસ્લામી તા'લીમનો મહત્વનો ભાગ છે. કમસે કમ હઝરત ઉમર رضی اللہ عنہના તરીક઼ાથી એ જ પાઠ મળે છે. બીજુ એ કે જે બાળકોથી મહોબ્બત નથી કરતો એ વડીલોથી પણ મહોબ્બત નથી કરી શકતો. એટલા માટે આવા માણસને

કોઈ મોટી જિમ્મેદારી સોંપવામાં નથી આવતી, ખાસ કરીને એવી જિમ્મેદારી જેનો કોન્ટેક્ટ આમ લોકોથી હોય.

હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જે વાલિદૈન (મા બાપ) પોતાના બાળકોને વિના કારણે મારે છે એમના નામે ગુનોહ લખી દેવામાં આવે છે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૧૭, પેજ–૩૨)*

બાળકોની સાથે પ્યાર મહોબ્બત અને એમની સારી તર્બિયત આપણો દીની અને અખ્લાક઼ી ફરીઝો છે. સારા સમાજની રચના માટે બાળકોની સારી તર્બિયત ઘણી જરૂરી છે. જેવી રીતે મા બાપ માટે જરૂરી છે કે પોતાની ઔલાદ સાથે હમદર્દી જાહેર કરે એ જ રીતે ઔલાદ માટે પણ જરૂરી છે કે એ પોતાના મા બાપની ઈજ્જત કરે અને એમનો ખયાલ રાખે, મા બાપની સાથે પ્રેમ અને મહોબ્બતના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

## ★ મા બાપની તાઝીમની ફઝીલત ★

પાંચ વસ્તુઓને જોવી ઈબાદત છે :–

(૧) મા બાપના ચહેરાને જોવું (૨) કુર્આન શરીફને જોવું (૩) આલિમોને જોવું (૪) કા'બા શરીફને જોવું (૫) પોતાના પીરને જોવું. *(દલીલુલ આરેફીન, મલ્ફૂઝાતે ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૫, સંપાદક : ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)*

આપે વધુમાં ફર્માવ્યું :–

"ઔલાદે પોતાના મા બાપનો ચહેરો જોવું ઈબાદત છે. હદીષે પાકમાં આવ્યું છે કે જે ઔલાદ ખુલૂસ અને મહોબ્બતની સાથે અલ્લાહ

તઆલાની રઝા અને ખુશ્નુદી માટે પોતાના મા બાપની ઝિયારત કરે છે એને એક મક્બૂલ હજ્જનો સવાબ મળે છે. અને **જે બાળક પોતાના મા બાપના પગ ચૂમે છે તો અલ્લાહ તઆલા એના નામાએ આ'માલમાં હજાર વર્ષની ઈબાદતનો સવાબ લખી આપે છે, અને એને બખ્શી દે છે."** *(સીરતે ગરીબ નવાઝ, પેજ–૧૨૨, લેખક : અબ્દુર્રહીમ કાદરી, રઝવી કિતાબ ઘર–દિલ્હી)*

સમાજની સુધારણાનો આ મુદ્દો કેટલો મહત્વનો છે એનો સારી રીતે અંદાજો કરી શકાય છે. વર્તમાનકાળમાં મા બાપને ઘરથી બહાર કાઢી મૂકવાં, એમની સાથે પ્રેમાળ વર્તન ન કરવું, એમને થોડી થોડી વાતે પરેશાન કરવાં, ત્યાં સુધી કે એમની ઉપર ટીકા ટીપ્પણ કરવી મા'મૂલી વાત છે. ચિશ્તી બુઝુર્ગોની તાલીમનો પ્રચાર કરીને આવી હરકતો પર પાબંદી લગાડી શકાય છે.

## ★ સગાં સબંધીઓ સાથે સદ્વર્તાવની ફઝીલત ★

સમાજને પુર અમ્ન બનાવી રાખવામાં રિશ્તેદારો સાથે લાગણી અને આપસમાં મદદને પણ મોટો દખલ છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એટલા માટે રિશ્તેદારોના હક્કનો ખયાલ કરવા અને એમની સાથે હમદર્દી પર ખાસ ધ્યાન આપ્યું છે. એની એહમિયતને મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના આ કૌલથી સારી રીતે સમજી શકાય છે : જયારે અલ્લાહ તઆલાએ રહમ પેદા કર્યું તો ફર્માવ્યું, હે રહમ ! હું રહીમ છું અને તને મારા નામથી જોડયું છે. જે તારાથી સંબંધ છોડી દેશે હું એનાથી સંબંધ છોડી દઈશ અને જે તારાથી સંબંધ બાંધશે હું એનાથી સંબંધ બાંધીશ. *(અફઝલુલ ફવાઈદ, ભાગ–૧, ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ : ૨૪,૨૫)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ પોતાના કૌલને વધુ મજબૂતી પહોંચાડવા માટે ફર્માવ્યું કે તફસીરે કશ્શાફમાં લખેલું જોયું છે કે **જ્યારે કોઈ માણસ પોતાનાંઓ પર રહમ કરે છે તો જો એની ઉમરનાં**

**ત્રણ વર્ષ બાકી હોય તો અલ્લાહ અધિક ત્રીસ વર્ષ વધારી દે છે.** જો કોઈ **પોતાનાં સગા સંબંધીઓથી સંબંધ તોડી નાખે છે તો અલ્લાહ તઆલા હુકમ આપે છે કે લોહે મેહફૂઝથી એનું નામ મિટાવી દેવામાં આવે અને એની ઉમરનાં વર્ષ પાછાં કરવામાં આવે.** *(પેજ–૨૫)*

રિશ્તેદારોની મદદ અને હમદર્દીનો આ સબક એકતાપૂર્ણ સમાજની રચના અને ભાઈચારાને આગળ વધારવામાં ઘણા અંશે મદદગાર સાબિત થાય છે. સંબંધીઓમાં કયા લોકો આવે છે એની સ્પષ્ટતા કુર્આને કરીમ અને અહાદીષે કરીમામાં મૌજૂદ છે. મા બાપ, પતિ, પત્ની, ભાઈ, બહેન, કાકા, કાકી, ફોઈ, ફુવા, દાદા, દાદી, નાના, નાની, માસા, માસી, મામા, મામી, પિતરાઈ ભાઈ, બહેન, અને ભત્રીજાઓ વગેરે.

## ★ પડોશીઓ સાથે સદ્વર્તાવ ★

એ બધા સિવાય ઈસ્લામમાં ખાસ કરીને પડોશીઓની સાથે હમદર્દીની તા'લીમ પણ આપવામાં આવી છે. પડોશીઓના હક્ક પણ સંબંધીઓની જેમ બતાવવામાં આવ્યા છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ પણ પોતાની તા'લીમમાં ખૂબ ધ્યાન આ ક્ષેત્રે દોર્યું છે. ભારતીય સમાજમાં પડોશીઓ સાથે સદવર્તનનું મહત્વ ઔર વધી જાય છે, એટલા માટે કે અહિયાં કાંઈ જરૂરી નથી કે આપણા પડોશી હમ મઝહબ હોય, બલ્કે કોઈ પણ મઝહબનો હોય શકે છે. ઈસ્લામે એની કોઈ શર્ત નથી લગાડી કે ફક્ત એ જ પડોશીઓની હમદર્દીનો જઝબો રાખો જે હમ મઝહબ અને હમ મશ્રબ હોય, બલ્કે એને કોમન રાખવામાં આવ્યું છે. એ જ કારણે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ જયારે પડોશીઓને ખુશ રાખવાની તાલીમ આપી તો આપે પૈગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની હદીષને રજૂ કરી. આપ ફર્માવતા હતા કે :–

અમીરૂલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ પડોશીઓનું મહત્વ એ રીતે રજૂ કર્યું કે મને ગુમાન પેદા થયું અને મેં પૂછયું કે હે અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم શું પડોશીના મૃત્યુ પછી એની મિલકતનો માલિક પડોશી થઈ શકે છે કે નહીં ? હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, થઈ શકે છે જો કોઈ વારસદાર ન હોય. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી, પેજ–૩૮)*

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે માણસ પડોશીઓની સાથે જ્યાં સુધી થઈ શકે મહેરબાનીથી પેશ આવે, ઈન્શાઅલ્લાહ ! એ કયામતના દિવસે મારી સાથે હશે અને જન્નતમાં જશે. *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, પેજ–૩૮)*

પડોશીઓના હક્કના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પણ સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ની હદીષને જ સનદ બનાવે છે અને એના મહત્વને આમ લોકોની સામે વર્ણન કરતાં ફર્માવે છે :–

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જિબ્રઈલ علیہ السلام એ મને પડોશીઓના હક્ક એવી રીતે બતાવ્યા કે મને એવું ગુમાન થયું કે પડોશીઓને વારસાના માલમાંથી કદાચ હિસ્સો મળે. *(અફઝલુલ ફવાઈદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૨૦)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

મેં "તઝકેરતુલ અવલિયા"માં લખેલું જોયું કે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ નો એક યહૂદી પડોશી હતો તે સફર પર ગયો હતો. એની પત્ની સગર્ભા હતી જેણે બાળકને જન્મ આપ્યો. એની પાસે એટલી વસ્તુ પણ ન હતી કે ચિરાગ લાવીને અજવાળુ કરી શકે. એ બાળક અંધારાના કારણે રડતુ હતું. આ ખબર ખ્વાજા સાહબે સાંભળી તો દરરોજ વાણીયાની દુકાનથી તેલ ખરીદીને એ યહૂદી સ્ત્રીને આપતા હતા. થોડા સમય પછી

એ યહૂદી આવ્યો તો એની પત્નીએ બધી સ્થિતિનું વર્ણન કર્યું. તે શર્મિંદો થયો અને ખ્વાજા સાહબની બારગાહમાં આવીને અર્ઝ કરી કે આપે ઘણી મહેરબાની કરી ! ખ્વાજા સાહબે ફર્માવ્યું, ઈસ્લામમાં આ પડોશીનો હક્ક઼ હતો અને આ હક્ક઼ ઘણો મોટો હોય છે. આ સાંભળીને એ યહૂદી તરત જ મુસલમાન થઈ ગયો. *(અફઝલુલ ફવાઈદ, પેજ–૨૧/૨૨)*

આનાથી સાબિત થાય છે કે આપણે એક સારા સમાજની રચના એ સમયે કરી શકીએ છીએ જ્યારે આપણે પડોશીઓનો ખ્યાલ રાખીએ. ચિશ્તી બુઝુર્ગોએ આ પાસા પર ખાસ ધ્યાન એટલા માટે દોર્યું કે સમાજમાં અમ્નો અમાન કાયમ રહે અને લોકો ભાઈચારગીની સાથે જિંદગી ગુજારી શકે. એ બુઝુર્ગોની તાલીમાતમાં નેક સોહબત ઈખ્તિયાર કરવા, બીજાઓના ઐબ છુપાવવા, કોઈની ચુગલી ન કરવી, હસદ, જલન, બુગ્ઝ અને કીનો, ગુરૂર અને તકબ્બુર અને નફસાની ખ્વાહિશાતથી પરહેઝ અને સહનશીલતા તથા સંયમ પર પણ જોર આ જ કારણે આપવામાં આવ્યું છે. એટલે કે સમાજમાં રહેવાવાળો દરેક માણસ એકબીજાથી ખુશ હોય, એમના દિલોમાં બદગુમાનીઓ ન હોય. સહનશીલતા તથા સંયમ અને માફી તથા દરગુઝરના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہનો આ ક઼ૌલ સોનાના પાણીથી લખવામાં આવે તો પણ ઓછો છે :–

## ★ સહનશીલતા, સંયમ તથા દરગુઝરને અપનાવો ★

આપ ફર્માવતા હતા કે જો કોઈ કાંટા રાખે અને તમે પણ એના બદલામાં કાંટા રાખો તો કાંટા જ કાંટા થઈ જશે ! આમ લોકોમાં એ પ્રથા છે કે નેકની જોડે નેક અને બુરાની જોડે બુરા હોય છે, પણ દુરવેશોની આ પ્રથા નથી, અહિયાં તો નેક અને બુરા દરેકની સાથે નેક રહેવું જોઈએ. *(ફલાઈદુલ ફવાદ)*

આ જ ભાવાર્થને આપ બીજા શબ્દોમાં આ રીતે રજૂ કરે છે : બે

વસ્તુઓ છે એક દિલ અને બીજુ નફસ. જ્યારે કોઈ નફસથી પેશ આવે તો એની સાથે દિલથી પેશ આવવું જોઈએ. એટલે કે નફસમાં દુશ્મની, હંગામો અને ફિત્નો છે અને દિલમાં સુકૂન અને રઝા અને નરમી છે. એટલે કે જ્યારે કોઈ લડાઈ કરે તો એનાથી નરમીથી પેશ આવે જેથી નફસ દબાઈ જાય. પણ જો કોઈ નફસથી પેશ આવે અને બીજો પણ નફસથી પેશ આવે તો પછી દુશ્મનીની કોઈ હદ નથી રહેતી. *(ફવાઈદુલ ફવાદ, ભાગ–૨, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, સંપાદક : હઝરત અમીર હસન સંજરી, પેજ–૯૮)*

આપણા સમાજમાં અમ્નો અમાન અને ભાઈચારાનો માહોલ સ્થાપિત કરવામાં રજૂ કરેલ બન્નેવ સોનેરી વાતો અત્યંત મહત્વની છે. કાંટાના બદલામાં કાંટા નહીં પણ ફૂલ રાખવામાં આવે અને દુશ્મની, હંગામો, ફિત્ના માટે તૈયાર થયેલ માણસની સાથે શાંતિથી સંયમથી અને નરમીથી પેશ આવવુ જોઈએ તો આપોઆપ અગણિત સમસ્યાઓ હલ થઈ શકે છે અને આપણો સમાજ આવતા દિવસોના ફિત્ના ફસાદ, લડાઈ ઝઘડાથી નજાત પામી શકે છે. એક સારા સમાજની રચના માટે આનાથી સારો તરીકો કયો હોય શકે છે ? એટલા માટે એ બુઝુર્ગોએ પોતાની તાલીમાતમાં નેક સોહબત ઈખ્તિયાર કરવા પર પણ જોર આપ્યું છે જેથી નેક લોકોની સાહેબતમાં રહીને માણસ નેક બને અને એના અંદર માફી તથા દરગુઝરની ભાવના પેદા થાય.

## ★ સારી સોહબત અપનાવો તો સારા બનશો ★

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :

"હદીષમાં છે الصحبة تؤثر એટલે કે સોહબતનો અસર જરૂર થાય છે. જો કોઈ બુરો માણસ નેકોની સોહબતમાં બેસે તો ઉમ્મીદ છે કે તે નેક બની જશે અને જો કોઈ નેક માણસ બુરાઓની સોહબતમાં બેસે તો બુરો

બની જશે. કેમ કે જે કોઈએ પણ કાંઈક પ્રાપ્ત કર્યું છે સોહબતથી પ્રાપ્ત કર્યું છે અને જે નેઅમત પ્રાપ્ત થઈ છે તે નેકોથી પ્રાપ્ત થઈ છે.'' *(દલીલુલ આરિફીન, મલ્ફૂઝાતે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ, પેજ : ૪૬)* એના સમર્થનમાં હઝરત મહબૂબે رحمۃ اللہ علیہ ઈલાહી ફર્માવે છે :

નેક લોકોની સોહબત નેક કામ કરવા કરતાં સારી છે અને બુરાઓની સોહબત બુરુ કામ કરવા કરતાં બદતર છે. *(અફઝલુલ ફવાઈદ, ભાગ–૧, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

નેક લોકોની સોહબતનો અસર સંયુક્તપણે માણસની જિંદગી પર થાય છે. એનાથી વાણી તથા વર્તન રીતભાત દરેકમાં નોધપાત્ર ફર્ક આવી જાય છે. જેથી આપોઆપ એના અંદરથી ઘણી બધી બુરાઈઓ ખત્મ થઈ જાય છે અને અચ્છાઈઓને અપનાવવાનો જઝબો પેદા થાય છે જેનાથી નેકોની સોહબત ઈખ્તિયાર કરવાવાળાઓની જિંદગીમાં એક ઈન્કેલાબ આવી જાય છે. પછી એવા લોકો બીજાઓના ઐબ ઢુંઢવાના બદલે એમના ઐબ છુપાવવા લાગે છે.

ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''હું કેટલાક વર્ષો સુધી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર રહ્યો પણ એ મુદ્દતમાં મેં ક્યારેય પણ એવું નથી જોયું કે આપે કોઈ દોસ્તનુ રાઝ જાહેર કર્યું હોય. આપ કોઈના ભેદનો કદી ઉલ્લેખ પણ ન કરતા અને અન્વારો તજલ્લિયાતને પણ કદી જાહેર થવા દેતા ન હતા જે આપ પર નાઝિલ થતાં હતાં.'' *(ફવાઈદુસ્સાલિકીન, ખ્વાજા ગરીબ નવાઝ, લેખક : અબ્દુર્રહીમ કાદરી, પેજ–૨૭૯)*

આપણા સમાજમાં એ સમયે અમ્નો શાંતિ થઈ શકે છે જ્યારે આપણે કોઈનું દિલ ન દુ:ખાવીએ બુઝુર્ગાને દીનની હમેશાં એ કોશિશ રહી છે કે

કોઈ કોઈને ન સતાવે, કોઈ કોઈને પરેશાન ન કરે. ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતથી પણ એ જ ખબર પડે છે કે એમણે એવો માહોલ સ્થાપિત કરવાની કોશિશ કરી જ્યાં કોઈ કોઈને ન સતાવે.

## ★ કોઈનું દિલ ન દુઃખાવો ★

જેમ કે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે:

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરી કે જે માણસે મો'મિનને સતાવ્યો સમજી લો કે એણે મને નારાજ કર્યો અને જેણે મને નારાજ કર્યો એણે અલ્લાહ તઆલાને નારાજ કર્યો. દરેક મો'મિનના સીનામાં ૮૦ પર્દા હોય છે અને દરેક પર્દા પર એક ફરિશ્તો હોય છે. **જે માણસ કોઈ મો'મિનને સતાવે છે તે એવો છે કે એણે ૮૦ ફરિશ્તાઓને નારાજ કર્યા."** *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન, મજલિસ–૭, પેજ–૧૮)*

આ સિલસિલામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મો'મિનના દિલને સતાવવું અલ્લાહને સતાવવું છે. હે દુર્વેશ ! મો'મિન એ માણસ છે કે જો એ પૂર્વમાં હોય અને મો'મિનના પગમાં પશ્ચિમમાં કાંટો ઘૂસી જાય તો એના દર્દને અનુભવે. *(રાહતુલ મુહિબ્બીન, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન, પેજ–૧૪)*

## ★ પશુ પક્ષીને પણ ન સતાવો ★

મો'મિન તો મો'મિન છે, ચિશ્તી બુઝુર્ગોએ કોઈ પણ પશુ પક્ષીને પણ ન સતાવવાની તા'લીમ આપી છે. જાનવરોને મારી નાખવાના બારામાં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે માણસ કોઈ જાનવરને આગમાં

ફેંકે છે અથવા બેરહમીથી મારી નાખે એનો કફ્ફારો એ છે કે ગુલામ આઝાદ કરે અથવા ૬૦ (સાઈઠ) ગરીબોને ખાવા ખવડાવે અથવા બે મહિનાના સતત રોઝા રાખે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા કે કોઈ જાનવરને આગમાં નહીં નાખવામાં આવે પણ દુનિયા અને આખેરતમાં અઝાબ થશે, અને જે માણસ જાનવરને આગમાં ફેંકે છે તે જાણે કે એ પોતાની મા સાથે ઝિના કરે છે. نعوذ بالله منها *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન, મજલિસ ૧૧, પેજ–૨૬)*

## ★ ચુગલખોરી, હસદ, ઘમંડથી બચો ★

ચુગલખોરી, હસદ, મેલ અને કીનો, અને ઘમંડ તથા તકબ્બુરથી બચવાની તા'લીમનો મકસદ એ જ છે કે માણસોની અંદર નફરત પેદા ન થાય. આ દિલની એ બીમારીઓ છે જે માણસોને અંદરથી ખોખરો કરી નાખે છે અને નફરત તથા અદાવતનું બીજ વાવે છે. ઈસ્લામે પણ એ વાતોથી બચવાનો હુકમ આપ્યો છે અને ચિશ્તી બુઝુર્ગોએ પણ એનાથી પરહેઝ કરવાનો દર્સ આપ્યો છે હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"આલિમોનો હસદ સારો નથી ખાસ કરીને મુસલમાનો માટે. અમુક આલિમોનું કહેવુ છે હસદ દિલથી કાઢી નાખવું જોઈએ, જ્યારે હસદને દિલથી કાઢીશું તો જન્નતમાં જાશું." *(અનીસુલ અરવાહ, મજલિસ, ૧૭, પેજ–૩૩)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"પૈગમ્બરે ખુદા ﷺએ એ દુઆ કરી છે : હે અલ્લાહ ! મને મહસૂદ બનાવજે હાસિદ (હસદ કરવાવાળો) ન બનાવતો. પછી ફર્માવ્યું કે એક હસદ હોય છે, એક રશ્ક હોય છે. હસદ તો એ છે કે કોઈ માણસ બીજાની નેઅમત જોઈને એનું પતન ચાહે અને રશ્ક એ છે કે પોતે પણ બીજાની

જેવા બનવાની તમન્ના કરે, અને રશ્ક જાઈઝ છે.'' *(ફવાઈદુલ ફવાદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા, પેજ–૨૭૨, ૨૭૩)*

ચુગલખોરીના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃاللہعلیہ ફર્માવે છે :

''સૌથી બુરુ કામ ચુગલી કરવાનું છે. પછી ફર્માવ્યું કે જે દિવસે હઝરત યુસૂફ علیہالسلامને એમના ભાઈઓએ કૂવામાં નાખ્યા અને વરૂને પકડીને હઝરત યાકૂબ علیہالسلام પાસે લાવ્યા કે આ વરૂએ હઝરત યૂસુફ علیہالسلامને હલાક કરી દીધા છે. તો એ વરૂએ કહ્યું, ના! આપે ફર્માવ્યું કે શું તને ખબર છે કે એ અત્યારે ક્યાં છે ? વરૂએ કહ્યું, હે યાકૂબ ! علیہالسلام ભલે ને અમે જાનવરો છીએ અને ફાડી ખાવાનું અમારુ કામ છે, પણ અમે કોઈની ચુગલી નથી કરતા !'' *(રાહતુલ મુહિબ્બીન, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૧૪૭)*

આનાથી બોધ પાઠ મળે છે કે જ્યારે એક ખૂંખાર જાનવર ચુગલખોરી પસંદ નથી કરતું તો પછી માણસ માટે એ કેવી રીતે જાઈઝ થશે કે એ એકબીજાની ચુગલી કરે !

## ★ ગાળ તથા જૂઠુ બોલવાથી બચો ! ★

કોઈને ગાળો આપવી, જૂઠી કસમો ખાવી પણ આ જ પ્રકારમાંનાં નાજાઈઝ કામો છે જેનાથી બચવું દરેક માટે જરૂરી છે. ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہعلیہ ફર્માવે છે :–

''જે માણસ કોઈ મો'મિનને ગાળો આપે છે તે પોતાની મા અને પુત્રી સાથે ઝિના કરે છે, અને આ એવું છે જેમ કે મૂસા علیہالسلامની લડાઈમાં ફિરઔનની મદદ કરવી. જે મો'મિનને ગાળો આપે છે એની દુઆ અમુક દિવસો સુધી કબૂલ નથી થતી અને જો તૌબા કર્યા વગર મરી જાય તો ગુનેહગાર ઠરશે.'' *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૮, પેજ–૨૦)*

જૂઠી કસમના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''જેણે જૂઠી કસમ ખાધી જાણે એણે પોતાના ખાનદાનને વિરાન કર્યું, એના ઘરમાંથી બરકત ઉઠાવી લેવામાં આવે છે.'' *(દલીલુલ આરિફીન, ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૩, પેજ–૧૨)*

## ★ હરામ રોજી તથા લોભ લાલચથી બચો ! ★

વર્ણન કરેલી બધી નસીહતોનો મક઼સદ સારા સમાજની રચના કરવાનો છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એવી તા'લીમ આમ કરવાની પૂરી કોશિશ કરી જેનાથી લોકોમાં એવી તબદીલી આવે જે સારો માહોલ સ્થાપિત કરવામાં મદદરૂપ સાબિત થાય. આ સિલસિલાનું એક અતિ મહત્વનું પાસુ પણ છે જેનુ અહિંયા વર્ણન કરવું ઘણુ જ જરૂરી છે અને તે છે ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતમાં હલાલ રોજી કમાવા પ્રતિ ઉત્તેજન. એ બુઝુર્ગોની તા'લીમાતમાં રોજી કમાવાનો અને ખુશ હાલ જિંદગી ગુજારવાનો પણ દર્સ મળે છે. સામાન્યતઃ એ ગલતફેહમી જોવા મળે છે કે સૂફિયાએ કિરામ દુનિયા અને એમાં રહીને કિનારાકશ થવા અને લોકોથી સંબંધ કટ કરવા પર યક઼ીન રાખે છે, જ્યારે કે એવું નથી. દુનિયા છોડવાથી મુરાદ એહલે તસવ્વુફને ત્યાં શું હોય છે એને હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના આ ક઼ૌલથી બખૂબી સમજી શકાય છે. એ ફર્માવે છે :–

''દુનિયા છોડવાથી મુરાદ એ નથી કે માણસ પોતાને નગ્ન કરી નાખે અને લંગોટ બાંધીને બેસી રહે ! પણ દુનિયા છોડવાનું નામ એ છે કે કપડાં પણ પહેરે અને ખાય પણ ખરો, પણ જે કાંઈ એનાથી મળે એના તરફ લલચાય ન જાય અને એનાથી દિલ ન લગાડે.'' *(ફવાઈદુલ ફવાદ ભાગ–૧, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૮)*

વધુમાં સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે ફર્માવે છે :–

## ★ રોજી કમાવું અને તેની ફઝીલત ★

હિંમત બુલંદ રાખવી જોઈએ અને દુનિયાની ગંદકીઓમાં ફસાવુ ન જોઈએ. લાલચ અને વાસના છોડી દેવી જોઈએ. *(ફવાઈદુલ ફવાદ, ભાગ : ૧, ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૧૧)*

આ કૌલથી ભાવાર્થ સારી રીતે જાહેર થઈ ગયો કે દુનિયા છોડવાથી મુરાદ નગ્ન રહેવુ અથવા લંગોટ બાંધીને બેસી જવું અથવા જંગલો તરફ મોઢું કરી લેવું નથી, પણ એનાથી મુરાદ દુનિયાની ખરાબીઓમાં ન ફસાવુ, લાલચ અને વાસનાને છોડી દેવુ છે. ખાસ કરીને સમાજમાં બુરાઈઓનું કારણ દુનિયાની ખરાબીમાં ફસાવું અને લાલચ અને હવસ અને વાસના હોય છે. આ એ બુરાઈઓ છે જેનાથી માણસ માનવતાના પોશાકને ત્યજી દેવા મજબૂર થઈ જાય છે. એટલા માટે સૂફિયાએ કિરામે બુરાઈઓથી દૂર રહેવાની તા'લીમ આપી છે અને એ દર્સને તર્કે દુનિયાનું નામ આવ્યું છે. આટલી સ્પષ્ટતા છતાં જો તર્કે દુન્યાનો ભાવાર્થ જો કાંઈક બીજો લેવામાં આવે તો એ ઈન્સાફ પર આધારિત નથી હોય શક્તું. એટલા માટે કે જો તર્કે દુન્યાથી મુરાદ ઘરેલુ જિમ્મેદારીઓથી મોઢું ફેરવી લઈ જંગલ તરફ ચાલ્યા જવું હોત તો કદાપિ ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતમાં હલાલ રોજી કમાવાનું ઝિક્ર ક્યારેક પણ ન મળતુ અને તેઓ સમાજમાં સક્રિય રહીને મખ્લૂકની ખિદમતનો ફરીઝો અંજામ ન આપતા.

ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :

એક વખતે રસૂલે આ'ઝમ صلی اللہ علیہ وسلم હાજર હતા ત્યાં એક માણસે ઉભા થઈને પૂછયું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા ધંધાના બારામાં આપનો શું મશ્વરો છે ? રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તારું કામ શું છે ? એણે કહ્યું કે દરજીનું કામ. આપે ફર્માવ્યું, જો તું સીધી રીતે આ કામ કરે તો ઘણુ સારૂં

છે. કયામતના દિવસે તું ઈદરીસ علیہ السلامની સાથે જન્નતમાં જઈશ. અને પછી બીજો એક માણસ ઉભો થયો અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા કામના બારામાં આપનો શું મશ્વરો છે ? નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું કે ખેતીવાડી. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ ઘણુ સારુ કામ છે, એ કારણે કે આ કામ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હતું, આ મુબારક અને ફાયદાવાળુ કામ છે. અલ્લાહ તઆલા ઈબ્રાહીમ علیہ السلامની દુઆથી તને બરકત આપશે અને કયામતના દિવસે જન્નતમાં તું હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પાસે હશે. પછી એક માણસ ઉભો થયો અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા કામમાં આપનો શું મશ્વરો છે ? આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું, મારું કામ તા'લીમનું છે. તો આપે ફર્માવ્યું કે તારા કામને અલ્લાહ તઆલા સારી રીતે જાણે છે, જો તું લોકોને નસીહત કરશે તો કયામતના દિવસે હઝરત ખિઝર علیہ السلام જેટલો ષવાબ મળશે અને જો તું અદલ કરીશ તો આકાશના ફરિશ્તાઓ તારા માટે માફીના તલબગાર હશે. પછી બીજો એક માણસ ઉભો થયો અને કહ્યું ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા ધંધા વિશે આપ શું કહો છો ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું કે વેપાર. તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો તું સીધી રીતે કામ કરીશ તો જન્નતમાં પયગમ્બરોની સાથે હશે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૯, પેજ–૨૩)*

પછી ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

રોજી કમાવાવાળો અલ્લાહનો દોસ્ત હોય છે પણ એણે વિચારવું જોઈએ કે દરેક સમયની નમાઝ અદા કરે અને શરીઅતની હદથી ડગલુ આગળ ન વધારે. કેમ કે હદીષમાં છે કે આવી રોજી કમાવાવાળો અલ્લાહનો પ્યારો અને સિદ્દીક હોય છે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી, મજલિસ–૯, પેજ–૨૩)*

મતલબ સ્પષ્ટ થયો કે શરીઅતની હદોમાં રહીને હલાલ રોજી કમાવી પણ ઈબાદત છે અને એની જ તા'લીમ પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺએ આપી છે જેને ચિશ્તી બુઝુર્ગોએ આગળ વધારી છે.

આપે વધુમાં ફર્માવ્યું : ખાણુ હલાલ ખાવ, અને હલાલ કમાઈનો પહેરવેશ પહેરો અને તૌબા કરો અને હરામની કમાઈનાં કપડાં ન પહેરો. જ્યારે તમે આવુ કરશો તો **જન્નતના સાત દરવાજામાંથી એક દરવાજો તમારા માટે ખોલી દેવામાં આવશે** અને તમારી નમાઝ કબૂલ કરી લેવામાં આવશે. *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૧૯, પેજ–૩૬)*

આ એ જ સમયે શક્ય છે જ્યારે સમાજમાં રહીને રોજી માટે મહેનત કરવામાં આવે. બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ ફર્માવે છે : રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, દુનિયા આખેરતની ખેતી છે, તો એનો મતલબ એ છે કે એમાં સદકો આપે, ઝકાત આપે અને સખાવત કરે અને આવનારા સમય (આખેરત) માટે કાંઈક વાવી લે જેથી ફળ પામી શકે, કેમ કે દુનિયામાં સદકો અને સખાવતથી વધીને કોઈ જ કામ નથી, જેણે પોતાનું કામ કાઢયું છે તો સખાવત અને સદકાથી કાઢયું છે. *(અસ્રારુલ અવલિયા, પેજ–૨૩)*

જાહેર છે કે સમાજમાં વસવાટ કરીને હલાલ કમાઈના ઝરીયાથી જ આ કામો કરી શકાય છે, દુનિયા છોડીને જંગલનો રસ્તો અપનાવીને આ નેકીઓ કેવી રીતે હાંસલ થઈ શકે ?! ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી હસન સંજરી رحمۃ اللہ علیہના મુમતાઝ ખલીફા શૈખ હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ જાતે જ ખેતીના થકી રોજી કમાતા હતા અને ગુજારો કરતા હતા. એમની પાસે એક વિંઘુ જમીન હતી જે ખાસ આપની માલિકીની હતી. આપ જાતે જ પોતાના હાથો વડે એમાં હળ ચલાવતા, ખેતી કરતા અને જે આવક થતી તે જરૂરી શક્તિ તથા જરૂરી સતરે અવરત (અંગો છુપાવવા)માં

ખર્ચ કરતા. એનાથી સ્પષ્ટ પૈગામ એ જ મળે છે કે હલાલ રોજી કમાવા માટે કોશિશ કરવી જોઈએ અને બીજાઓની સામે હાથ ફેલાવવાથી પરહેઝ કરવો જોઈએ. હું સમજુ છું કે એમની તા'લીમાતના આ પાસાને ખૂબ જ પ્રમાણમાં આમ કરવાની જરૂરત છે, જેથી આપણી અંદર જાતે જ કફીલ (સ્વનિર્ભર) થવાનો જઝબો પૈદા થાય. ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, ગરીબોની મદદ કરવી, ગરીબ હાલતવાળા લોકોની મદદ કરવી એ પોતાની જગાએ જરૂરથી મહત્વ ધરાવે છે, પણ આ રીતની તાલીમાતને એટલા મોટા પાયા પર આમ કરવામાં આવી કે મુસલમાનનું એક જુથ હાથ પર હાથ મૂકીને બીજાઓની મદદના સહારે જિંદગી ગુઝારવાનો ફૈંસલો કરી બેઠુ ! એનું પરિણામ એ આવ્યું કે દેશની સર્વ મસ્જિદો, દરગાહો, રેલ્વે સ્ટેશન અને ગલીઓમાં માગવાવાળાઓની લાઈનો લાગવા માંડી અને ભીખ માંગવાના નવા નવા તરીકાઓ સ્થાપવામાં આવ્યા. ગૈર મુસ્લિમ ભીખ માગવાવાળાઓએ પણ માથા પર ટોપી લગાડીને માગવાનું ચાલુ કરી દીધું છે, ગૈર મુસ્લિમ સ્ત્રીઓ ભીખ માગવા માટે બુરખા (નકાબ)નો સહારો લેવા માંડી ! કોઈ મઝારની ચાદર હાથમાં લઈ માગવા માટે નીકળી પડયું તો કોઈ મદ્રસાઓની ડુપ્લિકેટ (નકલી) રસીદો છપાવીને માગવા નીકળી પડયું, ત્યાં સુધી કે બુઝુર્ગોના મઝારો પર ભીખ માગવાનો ઠેકો પણ આપવામાં આવવા લાગ્યો ! જેના પરિણામે ઝિયારત કરવાવાળાઓ સાથે બદતમીઝી, અસભ્ય વર્તન, જબરદસ્તી થવા લાગી. હું સમજુ છું કે એવા ધંધાદારીઓને નિરૂત્સાહ કરીને હક્કદાર લોકો તથા ઈદારાઓની જ મદદ કરવી એ સમયનો તકાઝો છે. એવા લોકોની મદદ કરવામાં આવે જેમના બારામાં આપણને ખબર હોય કે ફલાણો માણસ જરૂરતમંદ છે તો શાયદ એનાં સારાં પરિણામો મળી શકે.

સામાન્યત : એવું કહી શકાય કે ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એક ઉમદા સમાજની રચના કરવાનો જે તરીક़ો આપનાવ્યો છે એનું ઉદાહરણ એ જાતે જ છે. એ તરીક़ો આપણી સંયુક્ત સંસ્કૃતિ મુતાબિક़ પણ હતો. એમણે પોતાના વર્તુળમાં જે તાલીમાતને આમ કરી એનાથી લોકોમાં એકબીજાથી મહોબ્બત, ઈત્તેહાદ, ભાઈચારાનો માહોલ બન્યો અને એક નેક સમાજની રચના અમલમાં આવી. એમને એ સારી રીતે ખબર હતી કે સમાજના લોકોને એકબીજાથી જોડવાવાળી વસ્તુ શું છે, અને નફરત તથા દુશ્મનીના બદલે હલાવત અને મીઠાશ પૈદા કરવાવાળા તરીક़ાઓ કયા કયા છે. જે કરવાનો હુકમ (રબ તરફથી થયો) તેના પર અમલ અને જેનાથી રોકવામાં આવ્યા તેનાથી દૂર રાખવા માટે તેઓ વાણી તથા વર્તન બંનેનો સહારો લેતા અને કોશિશ કરતા કે એવા તરીક़ાઓ ઈખ્તિયાર કરવામાં આવે જે બધા માટે ક़ાબિલે કુબૂલ હોય. એટલા માટે એમના માનવાવાળાઓમાં આજે દરેક મઝહબના લોકો મૌજૂદ છે જે એમને ખિરાજે અક़ીદત પેશ કરે છે. *(જામે નૂર, ઓગષ્ટ–૨૦૧૫)*

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર "બરકાતે ખ્વાજા" (માસિક)**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. ૨૦/– | ફોન. : (૦૨૬૪૨) |
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૮૦/– | ૨૮૦૦૧૧, |
| પેટ્રન ફી(૧૧ વર્ષ) | રૂા. ૨,૦૦૦/– | મો. : ૯૪૨૭૪૬૪૪૧૧ |
| આજીવન | રૂા. ૪,૫૦૦/– | Web. :www.barkatekhwaja.net<br>Email : anjuman2006@hotmail.com |

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૩)* | ૫૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૫૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧, ૨, ૩, ૪, ૫, ૬) | ૧૨૦૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૪૦૦ |
| ફિક્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગૃપના.....દષ્ટિએ | ૨૫ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૨૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| **મામૂલાતે હરમૈન** | |
| હજ્જ કેવી રીતે કરશો ? | |
| હજ્જ શા માટે કરશો ? | ૧૦૦ |
| આદાબે મદીના | |
| સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ પરિબળો... | ૨૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્કનો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |

| | |
|---|---|
| તાહિરુલ કાદરી હક઼ીક઼તના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| સૂફીઈઝમની હક઼ીક઼ત્ અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| મસ્જિદોને તમારાં ઘર બનાવી લો ! | ૦૫ |
| અનીસુલ અરવાહ | ૦૫ |
| દલીલુલ આરિફીન | ૦૫ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૦૫ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| ચાંદની સાબિતીના સાત તરીક઼ા | ૦૫ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ | ૧૦ |
| રહનુમાએ હક્ક઼ | ૧૦૦ |
| મુકાશફતુલ કુલૂબ | ૨૬૦ |
| બરકાતે શરીઅત–ઉર્દૂ, હિન્દી *(ભાગ–૧, ૨, ૩)* મુકમ્મલ | ૨૦૦ |
| ઈસ્લામિયાત–ઉર્દૂ, ગુજરાતી (ભાગ–૧, ૨) | ૧૦૦ |
| બરકાતે સુન્નત રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૨૦૦ |
| કાનૂને શરીઅત *(ભાગ–૧, ભાગ–૨)* | ૨૦૦ |
| તોહફાએ નિકાહ | ૪૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો) | ૪૦૦ |
| અલફી કુર્આન –કન્ઝુલ ઈમાન(ઉર્દૂ) | ૧૨૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાંઉ કોપીમાં)* | ૨૫૦ |
| ગ઼ૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૨૫૦ |
| ગ઼ૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ)* | ૬૦ |